પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૧૯, સોમવાર; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આજે કાશ્મીર મામલે મહત્વના નિર્ણયના અણસાર

**જમ્મુ-કાશ્મીરમાં હલચલ વચ્ચે શાહની દોભાલની સાથે બેઠક : જમ્મુ કાશ્મીરના એડિશનલ સેક્રેટરી સાથે પણ અમિત શાહની બેઠક : જમ્મુ કાશ્મીરને લઇને કોઇ મોટા પ્લાનની તૈયારી ચાલી રહી હોવાના અહેવાલ વચ્ચે મિટિંગોનો દોર : અમિત શાહ પણ ૮-૧૦ની વચ્ચે જમ્મુ કાશ્મીર જશે**





નવીદિલ્હી, તા. ૪

જમ્મુ કાશ્મીરમાં જારી રાજકીય હલચલની વચ્ચે પાટનગર દિલ્હીમાં પણ ઉચ્ચ સ્તર પર બેઠકોનો દોર જારી રહ્યો છે. ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જેના કારણે જમ્મુ કાશ્મીરના સ્થાનિક રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરને લઈને સરકાર કયા પગલા લેવા જઈ રહી છે તેને લઈને કોઈની પાસે કોઈ માહિતી નથી. સરકાર આ અંગેની વાત કરવાની સ્થિતિમાં નથી. આજે રાજકીય હલચલના દોર વચ્ચે ગૃહમંત્રી અમિત શાહે ટોપના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં અમિત શાહની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ અને ગૃહસચિવ રાજીવ ગોબા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક બાદ એડિશનલ સેક્રેટરી (જમ્મુ કાશ્મીર ડિવિઝન) જ્ઞાનેશ કુમાર પણ અમિત શાહને મળવા માટે પહોંચ્યા હતા. જમ્મુ કાશ્મીરના મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા હાલમાં ચાલી રહી છે. રાજ્ય સરકારે થોડાક દિવસ પહેલા જ સુરક્ષા કારણો આપીને અમરનાથ યાત્રીઓ અને પ્રવાસીઓને તરત જ કાશ્મીરથી પરત ફરવા માટેની સૂચના આપી દીધી છે. ત્યારથી જ અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે. કેન્દ્ર સરકાર રાજ્યમાં કેટલાક મોટા પ્લાનને લઈને કામ કરી રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે. જો કા રાજ્યપાલ સત્યપાલ મલિક દ્વારા માત્ર સુરક્ષાની દ્રષ્ટિથી લેવામાં આવી રહેલા પગલા તરીકે વાત કરી છે. કેન્દ્રીયમંત્રી અમિત શાહે સુરક્ષાના મુદ્દા ઉપર દોભાલ સાથે આજે વાત કરી હતી. આ બેઠકમાં દોભાલ ઉપર ગોબા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગને પણ જમ્મુ કાશ્મીરની હલચલ સાથે જોવામાં આવે છે. કેન્દ્ર સરકાર સંસદ સત્રને વધુ બે દિવસ સુધી લંબાવવા વિચારી રહી છે. સત્ર પૂર્ણ થવા આડે બે દિવસનો સમય છે. આવી સ્થિતિમાં કોઈ મોટા બિલ પણ રજૂ કરવામાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે મોદી કેબિનેટની અતિ મહત્વપૂર્ણ બેઠક

**સત્રને બે દિવસ માટે લંબાવવાની જાહેરાત થશે : સંસદની બેઠક પહેલા જ સવારે ૯.૩૦ વાગે બેઠક મળશે**

નવીદિલ્હી, તા. ૪

જમ્મુ કાશ્મીરમાં જારી રાજકીય હલચલની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આવતીકાલે મહત્વની કેબિનેટ બેઠક મળનાર છે. મોદી મંત્રીમંડળની બેઠક સામાન્યરીતે બુધવારના દિવસે યોજાય છે પરંતુ આ વખતે આવતીકાલે જ યોજાનાર છે જેને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. સંસદ સત્રથી પહેલા કેબિનેટ બેઠક યોજાશે. સવારે ૯.૩૦ વાગે બોલાવવામાં આવેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કયા નિર્ણય લેવાશે તેનો ઈંતજાર છે. જો કે, આ બેઠકમાં ચાલુ સંસદ સત્રને વધુ બે દિવસ માટે વધારવાના પાસા ઉપર નિર્ણય લેવામાં આવી શકે છે. આ પહેલા આજે સાંજે સાત વાગે ભાજપના મહાસચિવોની બેઠક બોલાવવામાં આવનાર છે. કાલની કેબિનેટ બેઠક અથવા તો કાશ્મીરથી લઈને જોડાયેલી અટકળો વચ્ચે કોઈ લેવડદેવડ છે કે કેમ તેને લઈને ચર્ચા છે. જમ્મુ કાશ્મીરમાં મોટી સંખ્યામાં અર્ધલશ્કરી દળના જવાનોની તૈનાતી અને એક પછી એક એડવાઈઝરી જારી કરવામાં આવ્યા બાદ અસમંજસની સ્થિતિ બનેલી છે. કાશ્મીરને ખાસ અધિકાર આપનાર

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં તણાવ વચ્ચે એર ઈન્ડિયાએ ૧૫ ઑગસ્ટ સુધી તમામ ફલાઈટ્સનું ભાડુ નક્કી કર્યું

ન્યુ દિલ્હી,તા.૪

જમ્મુ કશ્મીરમાં ચાલી રહેલા તણાવ અને એલર્ટ વચ્ચે એર ઈન્ડિયા વિમાન કંપનીએ મોટો નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ ૧૫ ઓગસ્ટ સુધી તમામ ફ્લાઈટ્સનું ભાડું ફિક્સ કરી દીધું છે. એર ઈન્ડિયાના પ્રવક્તા ધનંજય કુમારે જણાવ્યું કે, ૯૫૦૦ રૂપિયાનું ભાડું કરી દેવામાં આવ્યું છે. તો શ્રીનગરથી દિલ્હીની ફ્લાઈટનું ભાડું ૬૭૧૫ રૂપિયા અને દિલ્હીથી શ્રીનગરનું ભાડું ૬૮૯૯ રૂપિયા સુધી કરી દેવામાં આવ્યું છે. જમ્મુ કશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ એર ઈન્ડિયા થકી શ્રીનગરથી દિલ્હીની ફ્લાઈટનું ભાડું ૬૭૧૫ રૂપિયા સુધી કરવા પર એર ઈન્ડિયા અને પ્રધાનમંત્રી કાર્યાલયનો આભાર માન્યો છે. દિલ્હીથી શ્રીનગર ફ્લાઈટનું ભાડું ૬૮૯૯ કરવામાં આવ્યું છે.

# મુંબઈમાં વરસાદી માહોલ યથાવત

**મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ : જનજીવન ઠપ્પ : પુણેમાં પુર જેવી સ્થિતિ : ઘણા લોકો ખસેડાયા : ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર : રેડએલર્ટની ઘોષણા અકબંધ**

મુંબઈ,તા. ૪

મુંબઈમાં શુક્રવારથી ભારે વરસાદના કારણે હજુ પણ જનજીવન ખોરવાયેલું છે. આજે રવિવારના દિવસે પણ વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. મુંબઈમાં હાઈટાઈડની ચેતવણી વચ્ચે લોકોને બહાર નહીં નિકળવા માટે સૂચના આપવામાં આવી છે. આજે ભારે વરસાદ વચ્ચે ગોરેગાંવ, રાજીવનગર, અન્ય તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ સ્થિતિ સુધરવાના સંકેત દેખાઈ રહ્યા નથી. ભારે વરસાદના કારણે અનેક રુટ ઉપર મુંબઈની લોકલ ટ્રેન સેવા રદ કરવામાં આવી હતી. સાતથી વધારે ફ્લાઈટો પણ રદ કરવામાં આવી ચુકી છે. મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ વચ્ચે એનડીઆરએફે ૮ ટીમો તૈનાત કરી દીધી છે. સતત વરસાદના લીધે નાસિકમાં ત્ર્યંબકેશ્વર મંદિર સંકુલમાં પુર જેવી સ્થિતિ સર્જાયેલી છે. સેન્ટ્રલ રેલવે દ્વારા અનેક ટ્રેનોના રુટ બદલી લેવામાં આવ્યા છે. સેન્ટ્રલ રેલવેની લોકલ ટ્રેન સેવા ઉપર માઠી અસર થઈ છે. આજે સવારથી જ જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ જારી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ચંદ્રયાન-૨ એ લીધેલી તસ્વીર જાહેર

ઈસરો દ્વારા લોન્ચ કરાયેલ ચંદ્રયાન-૨ સતત આગળ વધી રહ્યુ છે. ઈસરોએ તાજેતરમાં કરેલા ટ્વીટમાં આ વાત જણાવી પૃથ્વીના ફોટા જાહેર કર્યા છે જે ચંદ્રયાન દ્વારા લેવાયા હતા.

### વિદેશીઓને કાશ્મીરમાં ન જવા એડવાઈઝરી

જમ્મુ-કાશ્મીર પ્રશાસને અમરનાથ યાત્રીઓ અને પર્યટકોને જલ્દીથી કાશ્મીર છોડવાનું કહ્યા બાદ બ્રીટન, જર્મની અને ઓસ્ટ્રેલીયાના નાગરિકોને પણ તેમની સરકારોએ કાશ્મીર ન જવા સૂચન કર્યુ છે. નાગરિકોને સતર્ક રહેવા જણાવાયુ છે.

### પાક. પ્રધાનમંત્રી ચિંતિત


પ્રધાનમંત્રી ઈમરાનખાને ઈસ્લામાબાદમાં રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક તાત્કાલિક બોલાવી છે. પાકિસ્તાને આરોપ લગાવ્યો છે કે ભારતીય સેનાએ નિયંત્રણ રેખા પર કલસ્ટર બોમ્બનો ઉપયોગ કર્યો હતો.

### ક્વીક રીએક્શન મિસાઈલનુ સફળ પરિક્ષણ

ઓડિશાના ચાંદીપુર સ્થિત પરીક્ષણ રેંજથી ઓલ વેધર અને ઓલ ટેરેન ક્વિક સરફેસ ટુ સરફેસ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યુ છે. ભારતીય સેના માટે તેને વિકસીત કરવામાં આવી છે.

### ૪૫૦ ભારતીય વિદ્યાર્થીને યુરોપની શિષ્યવૃત્તિ મળી

૪૫૦ ભારતીય વિદ્યાર્થી અને સ્ટાફ મેમ્બરને યુરોપીયન યુનિયનની પ્રતિષ્ઠિત શિષ્યવૃત્તિ મળી છે જેનાથી યુરોપની અગ્રણી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકશે. ગત વર્ષની તુલનાએ શિષ્યવૃત્તિમાં ૨૩ ટકાનો વધારો થયો છે. ઈયુના જણાવ્યા પ્રમાણે ઈન્ડિયન હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂશનના ૩૫૦ વિદ્યાર્થી અને સ્ટાફ આઈસીએમ પ્રોગ્રામ હેઠળ શિષ્યવૃત્તિ માટે પસંદ પામ્યા છે.





પૂજ્ય મહંત સ્વામીના આશીર્વચન - ગાંધીનગર અક્ષરધામ ખાતે છેલ્લા ચાર દિવસથી પૂજ્ય મહંત સ્વામી પધાર્યા છે... વહેલી પ્રભાતથી મોડીસાંજ સુધી અસંખ્ય ભાવિકોને દર્શન લાભ આપીને આશીર્વચન પાઠવે છે... રવિવારે સાંજે પરંપરાગત યોજાતી રવિસભામાં પૂજ્ય મહંત સ્વામીએ ઉપસ્થિત રહી સેંકડો ભાવિકોને સદાચારનો સંદેશ પાઠવ્યો હતો... પૂજ્ય મહંત સ્વામીના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા ભાવિકોમાં પડાપડી સર્જાઈ હતી...

## આઝમ ખાન વિરુદ્ધ એક મહિનામાં ૨૭ કેસ દાખલ

રામપુર,તા.૪

સમાજવાદી પાર્ટીના નેતા અને સાંસદ આઝમ ખાનની વિરુદ્ધ છેલ્લા એક મહિનામાં લગભગ ૨૭ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, આ તમામ કેસ રામપુરમાં મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી માટે કથિત રીતે ખેડૂતોની જમીન હડપવાના છે. રામપુર પોલીસ સુપ્રીટેન્ડેટ અજય પાલ શર્માએ જણાવ્યું કે, ૧૧ જુલાઈથી લગભગ બે ડઝન ખેડૂત યુનિવર્સિટી માટે તેમની જમીનમાં અતિક્રમણ કરવાના આક્ષેપ સાથે પોલીસ પાસે આવ્યા હતા. અમે આ મામલે ૨૭ એફઆઈઆર દાખલ કરી છે અને તપાસ હાથ ધરી છે.

# ટેક્સાસ-ઓહિયોમાં અંધાધૂંધ ગોળીબાર

**ટેક્સાસની ઘટનામાં આરોપીને પકડી પડાયો : ટેક્સાસના અલપાસો ખાતે ભરચક રહેતા શોપિંગ મોલમાં ગોળીબારમાં ૨૨ના મોત : ઓહિયોમાં નવના મોત થયા : ૩૧ના મોત થયા**

ઓહિયો, તા. ૪

અમેરિકામાં બે જુદી જુદી શૂટઆઉટની ઘટનામાં ૩૧થી વધુ લોકોના મોત થયા છે. અમેરિકામાં બે જુદી જુદી ઘટનાઓથી ભારે ખળભળાટ મચી ગયો છે. ટેક્સાસ અને ઓહિયોમાં ગોળીબારની આ ઘટના બની છે. ટેક્સાસમાં શોપિંગ મોલમાં અંધાધૂંધ ગોળીબારની ઘટના બન્યા બાદ વધુ એક ઘટના પણ સપાટી ઉપર આવી હતી. ઓહિયોમાં એક શખ્સે નવથી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પોલીસના કહેવા મુજબ આ ગોળીબાર બાદ જવાબી કાર્યવાહીમાં શૂટરનું મોત થયું હતું. ઓહિયોની ઘટના પહેલા ટેક્સાસના અલપાસો શહેરમાં એક મોલમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. અંધાધૂંધ ગોળીબારમાં ૨૦થી વધુ લોકોના મોત આ મોલમાં થયા હતા જ્યારે ૨૬થી વધુ લોકો ઘાયલ થયા હતા. બપોરના ગાળામાં ૧.૩૦ વાગ્યાની આસપાસ ઓરેગન જિલ્લામાં આ ઘટના બની હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે અંધાધૂંધ ગોળીબાર કરી રહેલા શખ્સને કાબૂમાં લેવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તે અંકુશમાં આવ્યો ન હતો. આખરે તેને ઠાર કરવામાં આવ્યો હતો. એફબીઆઈ દ્વારા પણ ગોળીબારની આ ઘટનામાં તપાસ કરવામાં આવી રહી છે. ટેક્સાસના ગોળીબારના આરોપીને પકડી લેવામાં આવ્યો છે. આ જગ્યા અમેરિકા અને મેક્સિકોની સરહદથી થોડાક અંતરે સ્થિત છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને ગોળીબારની આ બે ઘટનાઓને લઈને દુખ વ્યક્ત કર્યું છે. અમેરિકામાં મોટાભાગે આ પ્રકારની ઘટનાઓ બનતી રહે છે. ગન કલ્ચરને લઈને અમેરિકામાં જે નીતિઓ અપનાવવામાં આવી રહી છે તેના કારણે પણ વારંવાર આ પ્રકારની ઘટનાઓ બનતી રહે છે. ઓહિયોમાં ગોળીબારની ઘટનામાં શૂટરને ઠાર કરાયો હતો પરંતુ ટેક્સાસમાં ગોળીબાર કરનાર શખ્સને પકડી પાડવામાં આવ્યો હતો.



## કોંગ્રેસ કારોબારીની ૧૦મીએ મહત્વની બેઠક

**નવા અધ્યક્ષના નામની જાહેરાત થઇ શકે છે : સરકારને ભીંસમાં લેવાના જુદા જુદા મુદ્દાઓ પર રણનીતિ તૈયાર કરવાનો મુદ્દો છવાશે : પ્રિયંકા ગાંધી પ્રબળ દાવેદાર**

નવી દિલ્હી, તા. ૪

લોકસભા ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પાર્ટી હાલના સમયમાં ટોપ નેતૃત્વને લઈને પણ સંકટની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં કોંગ્રેસની કારોબારીની બેઠક ૧૦મી ઓગસ્ટના દિવસે બોલાવવામાં આવી છે. પાર્ટીની ભવિષ્યની રણનીતિ અને નવા અધ્યક્ષની ચૂંટણીની સાથે સાથે સંસદમાં સરકારને ઘેરવા જેવા મહત્વના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી શકે છે. કારોબારીની મળનારી બેઠકમાં અન્ય મુદ્દા ઉપર પણ ચર્ચા થશે. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની કારમી હાર થયા બાદ રાહુલ ગાંધીએ પાર્ટી અધ્યક્ષ તરીકે રાજીનામુ આપી દીધું હતું. તેમના રાજીનામાનો અસ્વિકાર કરીને કોંગ્રેસ કારોબારી દ્વારા તેમને પાર્ટીમાં ધરખમ ફેરફાર કરવા માટે તમામ સત્તાઓ આપી હતી. જો કે, રાહુલ ગાંધી પોતાના વલણ ઉપર મક્કમ રહ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે, તેઓ ગાંધી પરિવારના અન્ય કોઈ સભ્યની સાથે આ જવાબદારી લેવા માટે તૈયાર નથી. કારોબારીની બેઠકમાં હવે પાર્ટીના નવા અધ્યક્ષની જાહેરાત કરવામાં આવી શકે છે. કોંગ્રેસના અધ્યક્ષ બનવા માટે શશી થરુર સહિત કેટલાક કોંગ્રેસી નેતાઓએ પ્રિયંકા ગાંધીનું નામ આપ્યું છે પરંતુ અધ્યક્ષ પદની ચૂંટણીમાં રાજકીય નિર્ણયની સાથે સાથે સામાજિક સમીકરણોને પણ ધ્યાનમાં લેવામાં આવશે. મિડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોંગ્રેસની સામે સંગઠન મજબૂત કરવાનો સૌથી મોટો પડકાર રહેલો છે. કારોબારીની બેઠકમાં સંગઠન મજબૂત કરવાની સાથે સાથે પાર્ટીની રણનીતિ ઉપર પણ ચર્ચા કરાશે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીર્ટન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999₹
ગોવા
રીર્ટન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35